હોળી પહેલાં વલસાડ પોલીસનું ધોબીતળાવમાં કોમ્બિંગ

■ વલસાડ : વલસાડ પોલીસે હોળી-ધૂળેટીના તહેવાર અગાઉ અનિચ્છનીય બનાવ અટકાવવા શહેરમાં ચેકિંગ હાથ ધર્યું હતું. તેમજ સંવેદનશિલ વિસ્તાર ધોબીતળાવમાં કોમ્બિંગ હાથ ધર્યું હતું. જેમાં તેમણે ધોબી તળાવ વિસ્તારમાંથી શંકાસ્પદ જણાતી 9 બાઇક ડિટેન કરી હતી. જ્યારે દારૂના 3 કેસ કર્યા હતા. વલસાડ સિટી પોલીસ અને રૂરલ પોલીસનો મોટો કાફલો રવિવારે સાંજે ધોબી તળાવ વિસ્તારમાં પહોંચી ગયો હતો. તેમણે આખો સ્લમ વિસ્તાર ખુંદી તેમાં અનિચ્છનિય બનાવો અટકાવવા અસામાજીક તત્વોની તપાસ કરી હતી. તેમણે હીસ્ટ્રીશિટરોના ઘરની તપાસ કરી હતી. તેમજ કાગળો વિનાના 9 ટુવ્હીલર કબજે કર્યા હતાં. આ સાથે તેમણે દારૂના પણ 3 કેસ કર્યા હતાં. જોકે, ધોબી તળાવ વિસ્તારમાં તેમને કોઇ મોટી વસ્તુ હાથ લાગી ન હતી. આ સાથે પોલીસે શહેરમાં પણ તપાસ કરી હતી. જેમાં તેમણે અનેક હોટેલો ચેક કરી હતી. તેમજ સીસી ટીવી નહી લગાડનારા 11 ધંધાર્થીઓ, સોસાયટી વિગેરે સામે પણ પગલાં ભર્યા હતાં.

ગાંજાની હેરાફેરીમાં બાળકીનો ઉપયોગ

13.730 કિલો ગાંજો ભુવેશ્વરથી લાનવાર પાંચ ઓરિસ્સાવાસી ઝડપાયા, વાપીમાં સપ્લાય કરવાના હતા

વાપીઃ વલસાડ એસઓજી ટીમ દ્વારા વાપી નજીકના ચણોદની ચાલીમાંથી 648 ગ્રામ ગાંજા સાથે મહારાષ્ટ્રના યુવકને ઝડપી પાડ્યો હતો જયારે બીજા બનાવમાં રેઈડ હેન્ડમાં કરવડ ગામમાં રિક્ષામાંથી બાળકિશોરી સહિત પાંચ ઈસમને ગાંજાના જથ્થા સાથે ઝડપી પાડ્યા હતા.

નહેરની બાજુમાં યશો ઈન્ડસ્ટ્રીઝ નજીક, ક્રિષ્ના ઓટો ગેરેજની સામે ટર્નિંગમાં પૂરઝડપે રિક્ષા દોડી રહી હતી, જેથી એસઓજી પોલીસે તેને અટકાવી હતી. રિક્ષામાં પાંચ ઈસમો બેસેલા હતાં. જેમાં એક બાળકિશોરી તથા એક મહિલાનો સમાવેશ થાય છે. પોલીસે તેઓના નામઠામ પૂછતા રીક્ષાચાલક શૌકત કરીમ ખલીફા (ઉં.વ.57, રહે., ડુંગરા, વાપી), મનસુસીંગ વિનોદસીંગ (ઉં.વ.29, રહે., કરવડ, મૂળ પશ્ચિમ બંગાળ), સરસ્વતિ ઈન્દ્રજીત ભોઈ (ઉં.વ.39), ગણેશ રીતુ પુર્તી (ઉં.વ39) અને બાળકિશોરી (તમામ રહે. ઓરિસ્સા) હોવાનું જણાવ્યું હતું. રિક્ષામાં તપાસ કરતાં 13.730 કિલો ગાંજો મળી આવ્યો હતો. જેની કિંમત 6,86,500 આંકી હતી. પોલીસે 4 મોબાઈલ ફોન, રોકડા 2420 તથા રીક્ષા મળી કુલ રૂ.9,13,920/- મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસ ટીમે વધુ પૂછતાછ કરતા આ ગાંજાનો જથ્થો ગીતાંજલી મહાપાત્રએ ભુવનેશ્વર સિટીથી પાંચ કિ.મી. દૂર આવેલા રસુલકર એરીયાથી આપેલો હતો અને તે ગુજરાતના વાપીમાં મજરૂલ તથા પંકજને આપવાના હતા.

પોલીસને શક ન પડે તે માટે બાળકિશોરીને સાથે લઈ આવ્યા હતા. આ ગાંજાનો જથ્થો પહોંચાડવા ભુવનેશ્વર રેલવે સ્ટેશનથી ટ્રેનમાં બેસી મુંબઈ કલ્યાણ જંકશન અને ત્યારબાદ વાપી સ્ટેશને આવી પહોંચ્યા હતાં. રેઈડ હેન્ડમાં પકડાયેલા સામે એનડીપીએસ એકટ તથા જુવેનાઈલ જસ્ટિસ એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરી વાપી ડુંગરા પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી હતી.

જલાલપોર ભાજપમાં 58માંથી 22 પાછા, 36ના રાજીનામા સ્વીકારાયા

કોઈ પણ પ્રકારના દબાણ અથવા જૂથવાદને સંગઠનમાં સ્થાન નહીં : જિલ્લા પ્રમુખનો કડક સંદેશ

નવસારી : નવસારી જિલ્લા ભાજપ સંગઠનની નવરચના બાદ જલાલપોર મતવિસ્તારની અવગણના મુદ્દે ઉભા થયેલા વિવાદમાં પાર્ટીએ કડક અને સ્પષ્ટ વલણ અપનાવ્યું છે. જિલ્લા ભાજપ કાર્યાલય 'કમલમ' ખાતે જિલ્લા પ્રમુખ ભુરાભાઈ શાહની અધ્યક્ષતામાં યોજાયેલી પત્રકાર પરિષદમાં સંગઠને સ્પષ્ટ કરી દીધું કે પાર્ટી શિસ્તના મુદ્દે કોઈ સમાધાન કરવાની નથી.

જિલ્લા પ્રમુખે જણાવ્યું હતું કે જિલ્લા સંગઠનની નવી રચનામાં પૂરતું પ્રતિનિધિત્વ ન મળ્યાની લાગણીને કારણે જલાલપોર વિસ્તારના કુલ 58 હોદ્દેદારોએ રાજીનામા આપ્યા હતા. પાર્ટી સ્તરે ચર્ચા અને સમજાવટ બાદ 22 હોદ્દેદારોએ પોતાના રાજીનામા પરત ખેંચ્યા છે. પરંતુ બાકી રહેલા 36 હોદ્દેદારોના રાજીનામા અંગે પ્રદેશ કક્ષાના માર્ગદર્શન બાદ તેને સત્તાવાર રીતે સ્વીકારી લેવામાં આવ્યા છે. જિલ્લા પ્રમુખે સ્પષ્ટ કર્યું કે ભાજપ એક શિસ્તબદ્ધ સંગઠન છે અને સંગઠનના નિર્ણયો નિયમો અને સિદ્ધાંતોના આધારે જ લેવામાં આવે છે, કોઈ પણ પ્રકારના દબાણ અથવા જૂથવાદને તેમાં સ્થાન આપવામાં આવતું નથી. આગામી દિવસોમાં ખાલી પડેલા હોદ્દાઓ પર નવી નિમણૂકો જાહેર થવાની છે. રાજીનામા પરત ખેંચનાર હોદ્દેદારોની યાદી પણ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. જોકે, રાજકીય વર્તુળોમાં હવે ચર્ચા વધુ તેજ બની છે. જલાલપોર વિસ્તારમાં લાંબા સમયથી પ્રતિનિધિત્વ અંગે અસંતોષ વ્યક્ત થતો રહ્યો છે. આવા સંજોગોમાં હવે નવી નિમણૂકોમાં આ વિસ્તારને યોગ્ય સ્થાન મળશે કે નહીં તે મુદ્દે કાર્યકર્તાઓની નજર ટકી છે.

હાલ રાજકીય મંડળોમાં એક તીખી રાજકીય ટિપ્પણી ગૂંજી રહી છે. "સંગઠને શિસ્ત બતાવી દીધી, હવે જો સંતુલન નહીં દેખાય તો અસંતોષ ફરી સંગઠન માટે પડકાર બની શકે છે."

ડુમલાવ ગ્રામસભામાં ઇન્ડ. પ્રોજેક્ટ સામે પ્રચંડ વિરોધ

નહેર અને ગટરના પુરાણ સામે ગ્રામજનો આક્રમક મૂડમાં, 'ખેડ સત્યાગ્રહ'ની ભૂમિ પર ફરી આંદોલનના એંધાણ

પારડી : પારડી તાલુકાના ડુમલાવ ગામમાં ખેતી અને પર્યાવરણના જતન માટે ગ્રામજનોએ એકસૂત્રે ઉદ્યોગોનો વિરોધ નોંધાવ્યો છે. રવિવારના રોજ ખાસ બોલાવવામાં આવેલી ગ્રામસભામાં, ગામમાં સૂચિત ઇન્ડસ્ટ્રીઝ પ્રોજેક્ટ અને નહેરના પુરાણ વિરુદ્ધ સર્વાનુમતે ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

ડુમલાવ ગામ સંપૂર્ણ આદિવાસી વસ્તી ધરાવતું હોવાથી બંધારણની પાંચમી અનુસૂચિ હેઠળ આવે છે. નિયમ મુજબ, કોઈપણ નવા પ્રોજેક્ટ કે રહેણાંક યોજના માટે ગ્રામસભાની પૂર્વ મંજૂરી અનિવાર્ય છે.

ગ્રામજનોનો આક્ષેપ છે કે કેટલાક તત્વોએ મંજૂરી લીધા વિના જ પ્રોજેક્ટની તૈયારીઓ શરૂ કરી છે, જે નહેર અને ગામની ગટર વ્યવસ્થાને નુકસાન પહોંચાડી શકે તેમ છે. ગ્રામસભામાં સરપંચ પ્રકાશ પટેલ અને ખેડૂત અગ્રણીઓએ જણાવ્યું હતું કે ખેતી માટે જીવાદોરી સમાન નહેરનું પુરાણ કે તેને અંડરગ્રાઉન્ડ કરવાની કામગીરી સાંખી લેવામાં આવશે નહીં. આ એ જ ભૂમિ છે જ્યાંથી ઉત્તમભાઈ પટેલ અને ઈશ્વરભાઈ દેસાઈની આગેવાનીમાં 'ખેડ સત્યાગ્રહ' શરૂ થયો હતો. ગરીબોને મળેલી આ જમીન માત્ર ખેતી માટે જ જળવાઈ રહેવી જોઈએ.

આંદોલનની ચીમકી

ગ્રામજનોએ સ્પષ્ટ કર્યું છે કે જો તેમની માંગણીઓ સંતોષવામાં નહીં આવે તો આગામી દિવસોમાં ઉપવાસ અને જલદ આંદોલન કરવામાં આવશે. આ અંગેનો સત્તાવાર ઠરાવ વહીવટી તંત્રને મોકલી આપી પ્રોજેક્ટ અટકાવવાની માંગ કરવામાં આવી છે.

સંક્ષિપ્ત સમાચાર

બગવાડા હાઈવે પર ટ્રક ડિવાઈડર સાથે અથડાઈ, વ્હીલ ધરીમાંથી છૂટું પડી ગયું

પારડી : બગવાડા નેશનલ હાઈવે નં.48 પર આવેલા ટોલપ્લાઝા પાસે ગતમોડી રાત્રે એક કાળજું કંપાવનારો અકસ્માત સર્જાયો હતો. રાજસ્થાન પાર્સિંગની એક ટ્રક પૂરઝડપે પસાર થઈ રહી હતી ત્યારે રાત્રિના અંદાજે 3:00 વાગ્યાની આસપાસ ચાલકને ઝોકું આવી જતાં વાહન પરથી કાબૂ ગુમાવ્યો હતો. નિયંત્રણ ગુમાવેલી ટ્રક ટોલબૂથથી થોડા જ અંતરે આવેલા મોટા ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માત એટલો પ્રચંડ હતો કે ટ્રકનો આગળનો ભાગ કચ્ચરઘાણ વળી ગયો હતો અને ટ્રકનું આગળનું વ્હીલ પણ ધરીમાંથી છૂટું પડીને ફંગોળાઈ ગયું હતું. શાંત રાત્રિમાં થયેલા આ ભયાનક અવાજને સાંભળીને ટોલ પ્લાઝા પર ફરજ બજાવતા કર્મચારીઓ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા. સદનસીબે, આ ગમખ્વાર અકસ્માતમાં ટ્રકચાલકને માત્ર સામાન્ય ઈજાઓ પહોંચી હતી અને તેનો આબાદ બચાવ થયો હતો. ભારે નુકસાન પામેલી ટ્રકને કારણે હાઈવે પર થોડો સમય અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. હાઈવે પર રાત્રિ દરમિયાન ડ્રાઈવિંગ કરતા ચાલકો માટે આ ઘટના એક ચેતવણી સમાન છે કે થાક કે ઊંઘમાં વાહન ચલાવવું કેટલું જોખમી હોઈ શકે છે.

સ્વાસ્થ્ય જાગૃતિ માટે તિથલ બીચ પર મેરેથોન

વલસાડ : વલસાડના સન્ડે સ્પોર્ટસ કલબ દ્વારા રવિવારે તિથલ બીચ પર ગુજરાતની એકમાત્ર યુફિઝિયો બીચ મેરેથોન ૫.૦ નું આયોજન કરાયું હતું. જેમાં આફ્રિકન કન્ટ્રીમાંથી પણ ૧૧ દોડવીરોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સામાન્ય રીતે મેરેથોન રોડ પર અને હિલ સ્ટેશન પર થતી હોય છે પણ સમુદ્ર કાંઠે રેતી પર દોડવાનો અનુભવ જ અલગ હોય છે, જેનો રોમાંચ આજે અનેક નવા રનર્સે અનુભવ્યો હતો. આ મેરેથોનમાં ગુજરાત, મહારાષ્ટ્ર, હરિયાણા અને ઉત્તરપ્રદેશ સહિતના વિવિધ રાજ્યોમાંથી ૧૭૦૦થી વધુ લોકો જોડાઈને તંદુરસ્ત સ્વાસ્થ્યનો સંદેશ આપ્યો હતો. તિથલ બીચ પર સાંઈ બાબા મંદિરની બાજુમાં ખાનગી પાર્ટી પ્લોટથી વહેલી સવારે શરૂ થયેલી આ મેરેથોન ૩ કિમી, ૫ કિમી, ૧૦ કિમી અને ૨૧ કિમીના વિભાગમાં યોજવામાં આવી હતી. જેમાં નાના બાળકોથી માંડીને મોટેરાઓ પણ જોમ અને જુસ્સા સાથે દોડ્યા હતાં. દોડવીરોએ ભારત માતા કી જય અને વંદે માતરમના નારા લગાવ્યા હતાં. મેરેથોન બાદ સૌ રનર્સ ગરબે ઘૂમ્યા હતા.

ચણોદથી ગાંજા સાથે યુવક ઝડપાયો

વાપી : વાપી નજીકના ચણોદ ગામની ચાલીની રૂમમાંથી 648 ગ્રામ ગાંજા સાથે મહારાષ્ટ્રનો યુવક રાજ ઉર્ફે ચંગુ સુનિલભાઈ પવાર (ઉં.23, રહે. ચણોદ ગામ) એસઓજીના હાથે ઝડપાઈ ગયો હતો. વાપી એસઓજીને મળેલી બાતમીના આધારે, વાપી નજીકના ચણોદ ગામ, આંબેડકરનગર, લાહનુ અપ્પા પવારની ચાલમાં વર્ણવેલા સ્થળે પહોંચી રેઈડ કરી હતી. પોલીસે રૂમમાં તપાસ કરતા પલંગ નીચે પૂંઠાના બોક્ષમાં રાખેલી પ્લાસ્ટિકની થેલીમાંથી શંકાસ્પદ વનસ્પતિજન્ય પદાર્થ મળી આવ્યો હતો. જે અંગે પૂછતા ગાંજો હોવાનું જણાયુ હતું. જે બાદ એફએસએલ ટીમ દ્વારા પરીક્ષણ કરવામાં આવતા ગાંજો હોવાનું પુરવાર થયું હતું. મળી આવેલા ગાંજાનું વજન 648 ગ્રામ હતું અને તેની કિંમત 32,400 આંકવામાં આવી હતી. પોલીસે વધુ પૂછતાછ કરતા આ ગાંજો તેણે નાની દમણ, દાભેલ ચેક્પોસ્ટ પાસે રહતા અશોક ઉર્ફે રાહુલ પાસેથી મેળવેલ હોવાનું જણાવ્યું હતું. એસઓજી ટીમે એનડીપીએસ એક્ટ મુજબ વાપી ડુંગરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

વલસાડના દંપતીને હનમતમાળ નજીક બાઇક સવાર ત્રણ યુવાનોને માર માર્યો

વલસાડ : વલસાડ મોગરાવાડીનું દંપતી મોપેડ ઉપર સાપુતારાથી પરત ફરી રહ્યું હતું ત્યારે હનમતમાળ બજાર નજીક ઓવરટેક મુદ્દે બાઇક સવાર ત્રણ યુવાનોએ મોપેડ અટકાવી પતિ-પત્નીને હેલ્મેટથી માર્યા હતાં. ઘટનામાં ઇજાગ્રસ્ત દંપતિ પૈકી પતિને ખભાનું હાડકું ખસી જતા રાજચંદ્ર હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા હતાં. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, ભાવિન પવાર (રહે.મોગરાવાડી) પત્ની સાથે 1 માર્ચે સાપુતારા ફરવા ગયા હતા અને મોપેડ પર પરત ફરી રહ્યા હતાં. દરમિયાન ધરમપુરના હનમતમાળ નજીકથી પસાર થતાં હતા ત્યારે આગળ ચાલી રહેલી બાઇક નંબર જીજે.15.ડીએ.2014 ને ઓવરટેક કરી રહ્યા હતા ત્યારે બાઇક મોપેડ નજીક લઈ આવતા પત્નીએ ગભરાઈને ઓ ભાઈ બૂમ પાડી હતી. દરમિયાન હનમતમાળ બજાર નજીક બાઇક સવાર ત્રણ યુવાનોએ મોપેડ અટકાવી કેમ ગાળો આપી કહી મહિલાને તમાચો માર્યો અને પતિ વચ્ચે પડતા તેને પણ તમાચો મારવા સાથે બંનેને હેલ્મેટથી માર માર્યો હતો. ત્યારબાદ લોકો ભેગા થતા બાઇક સવાર યુવાનો ભાગી છૂટ્યા હતાં. ઘટનામાં બંનેને ઇજા પહોંચતા રાજચંદ્ર હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા હતાં. ઘટના અંગે મોપેડચાલક ભાવિન પવારે મારામારી કરનારા બાઇકચાલક સહિત કુલ ત્રણ અજાણ્યા યુવાનો સામે ધરમપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

કોલકમાં પારડીના યુવાનનો રહસ્યમય સંજોગોમાં આપઘાત

પારડી : બાલાખાડી બંદર ફળિયામાં રહેતો પારડીનો હિરલભાઈ સુરેશભાઈ પટેલ (ઉં.29) છેલ્લા બે વર્ષથી કોલક ગામે સગાઈ કરેલા સ્થળે આવજાવ કરતો હતો. ગતરોજ રાત્રે લગભગ ૯:૩૦ વાગ્યે ઘરેથી બહાર નીકળ્યા બાદ તેઓ મોડી રાત્રે પરત ન આવતા પરિવારજનો દ્વારા શોધખોળ હાથ ધરાઈ હતી. શોધખોળ દરમિયાન અશ્વિન પટેલના ઘર પાસે આવેલા આંબાના ઝાડ સાથે નાયલોનની દોરી વડે ગળે ફાંસો ખાધેલી હાલતમાં હિરલભાઈ નજરે પડ્યો હતો. મિત્રો દ્વારા તરત જ તેમને નીચે ઉતારી પારડીની ખાનગી હોસ્પિટલમાં ખસેડતા ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. બનાવની જાણ પોલીસને થતા પારડી પોલીસ હોસ્પિટલ પહોંચી લાશનો કબ્જો મેળવી પોસ્ટમોર્ટમ માટે પારડી સરકારી હોસ્પિટલ ખસેડી હતી. આ ઘટનાની વધુ તપાસ પોલીસે હાથ ધરી છે.

સાદકપોરમાં બે બાઇક વચ્ચે અકસ્માતમાં યુવકનું મોત

ઘેજ : ચીખલીના સાદકપોર ગામે બે બાઇક વચ્ચે અકસ્માતમાં સ્થાનિક યુવકનું સ્થળ ઉપર જ મોત નીપજ્યું હતું. ચીખલી તાલુકાના સીયાદા દાદરી ફળીયા ખાતે રહેતા મહેશ રમણભાઇ પટેલ (ઉં.૩૮) ચીખલીમાં સેન્ટીંગનું કામ કરતો હોય રવિવારે સાંજે મોટર સાયકલ નં જીજે-૨૧-એએસ-૧૪૯૫ લઈ કામ પરથી પરત ઘરે સીયાદા જઇ રહ્યો હતો. દરમ્યાન સાદકપોર ત્રીજા માઇલ પાસે પહોંચતા સામેથી એક મોટર સાયકલ નં જીજે-૨૧-એઆર-૬૫૨૦ ના ચાલકે પુરપાટ ઝડપે અને ગફલતભરી રીતે હંકારતા બંને બાઇક વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં મહેશ રમણભાઇ પટેલને માથાના ભાગે તેમજ શરીરે ગંભીર ઇજા પહોંચતા જેનું સ્થળ ઉપર મોત નીપજ્યું હતું. બનાવ અંગેની જાણ મરનારના પિતા રમણ પટેલ (રહે.સીયાદા દાદરી ફળીયા) એ કરતા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઇ-એચ.એચ.ફળદુ કરી રહ્યા છે.

સંક્ષિપ્ત સમાચાર

વાપી કેબીએસ કોલેજમાં ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો

વાપી : વાપી ચણોદ કોલોની સ્થિત કેશવજી ભારમલ સુમેરિયા એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સીસ કોલેજમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માં વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઇ સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓ માટે ઇનામ વિતરણ સમારોહ કોલેજના ઓડીટોરીયમ હોલમાં ઉજવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ઇનર વ્હીલ ક્લબ ઓફ વાપીના પ્રમુખ જ્યોતિ શાહ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા તેમજ આ સંસ્થાના ચેરમેન એ.કે. શાહ, ટ્રસ્ટી ભારતીબેન સુમેરીયા, પ્રવિણાબેન શાહ તથા નોટીફાઇડ એરીયા મહામંત્રી બિમલભાઇ ચૌહાણની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. મુખ્ય મહેમાને વિદ્યાર્થીઓને સાંસ્કૃતિક અને રમતગમત પ્રવૃત્તિઓ સાથે શૈક્ષણિક શ્રેષ્ઠતાને પ્રોત્સાહન આપવા માટે સંસ્થાના સતત પ્રયાસોની પ્રશંસા કરી હતી. એપ્રિલ 2025 વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતની પરીક્ષામાં સૌથી વધુ SGPA મેળવવા અને કોલેજ ટોપર્સ તરીકે ઉભરી આવવા બદલ કુલ 27 વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો અને સ્મૃતિચિહ્નોથી સન્માનિત કરવામાં આવ્યા હતાં. વધુમાં 65 વિદ્યાર્થીઓને પ્રથમ ક્રમ મેળવવા અને વિવિધ રમતગમત સ્પર્ધાઓમાં પ્રથમ, બીજા અને ત્રીજા સ્થાન પ્રાપ્ત કરવા બદલ અને રંગોળી, ગરબા, એડ મેડ શો, ડ્રામા, ફેશન શો, ગાયન, મોનો એક્ટિંગ, ડાન્સ અને વર્ષભરમાં યોજાતી વિવિધ સ્પર્ધાઓમાં પ્રથમ ક્રમ મેળવનાર ૧૪૨ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો અને સ્મૃતિચિહ્નો એનાયત કરવામાં આવ્યા હતાં. આમ ઇનામ વિતરણ કાર્યક્રમ સફળ રહેતા કોલેજના આચાર્યા ડો.પૂનમ બી.ચૌહાણે મુખ્ય મહેમાન, વિદ્યાર્થીઓને અભિનંદન આપી શુભેચ્છા પાઠવી હતી.

ઉમરગામની MM હાઈસ્કૂલને 15 લાખનું દાન

ઉમરગામ : મિડ માર્ક પ્રાઈવેટ લિમિટેડ કંપની દ્વારા ઉમરગામ એજ્યુકેશન સોસાયટી સંચાલિત એમ એમ હાઇસ્કુલ ઉમરગામને વધુ એકવાર રૂપિયા 15 લાખનું દાન આપવામાં આવ્યું છે અત્યાર સુધીમાં આ કંપની દ્વારા સ્કૂલને રૂપિયા ૫૮ લાખ સુધીનું માતબર દાન આપવામા આવ્યું છે તે બદલ શાળા સંચાલકોએ ખુશી અને આભાર વ્યક્ત કર્યો હતો. વિદ્યાર્થીઓની સતત વધતી સંખ્યા તથા આધુનિક શિક્ષણની માંગને અનુરૂપ સુવિધાઓ વિકસાવવા માટે મિડ માર્ક પ્રાઈવેટ લિમિટેડના EVP દિનેશભાઈ કરંડીકર અને આશિષભાઈ દેવોકર (SR.VP) દ્વારા રૂપિયા 15 લાખનું ઉદાર દાન પ્રાપ્ત થયું છે. ઉમરગામ એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ ઈશ્વરભાઈ બારી, મંત્રી ઉલ્હાસભાઈ ટંડેલ, ખજાનચી બંકિમભાઈ શાહ તેમજ શાળાના આચાર્ય અલ્પેશકુમાર પટેલ, સહ-આચાર્ય જેસલ શાહ અને સુપરવાઈઝર મહેન્દ્રભાઈ પટેલ દ્વારા મિડ માર્ક પ્રાઈવેટ લિમિટેડનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે. ઉમરગામ ઔદ્યોગિક વસાહતમાં નાની મોટી અનેક કંપનીઓ આવેલી છે આ કંપનીઓ પણ સીએસઆર અંતર્ગત એજ્યુકેશન માટે આગળ આવી ઉદાર હાથે મદદ કરે તે જરૂરી છે.

કેન્સર જેવી બીમારીઓથી બચવા 'પ્રાકૃતિક કૃષિ' જ એકમાત્ર ઉપાય

ડાંગ દરબારના ભાતીગળ લોકમેળામાં માજી રાજવીઓની શૌર્યગાથા બિરદાવતા રાજ્યપાલ

ઐતિહાસિક લોકમેળામાં પાંચ રાજવીઓને રૂપિયા ૬૭.૭૪ લાખનું વાર્ષિક પોલિટિકલ પેન્શન અર્પણ કરાયું

સાપુતારા : ડાંગના ઐતિહાસિક 'ડાંગ દરબાર' મહોત્સવમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ રાજવીઓની શૂરવીરતા અને દેશભક્તિને અંજલિ આપી જણાવ્યું હતું કે, અંગ્રેજોની આધિનતા ક્યારેય ન સ્વીકારનારા ડાંગના રાજવીઓનો ઈતિહાસ ભારતનું ગૌરવ છે.

રાજ્યપાલના હસ્તે ડાંગના પાંચ રાજવીઓ (૧)કિરણસિંહ યશવંતસિંહ (ગાઢવી રાજને વાર્ષિક રૂપિયા ૧૩,૯૫,૨૬૧, (૨) છત્રસિંગ ભવરસિંગ (આમાલા રાજને વાર્ષિક રૂપિયા ૧૪,૫૦,૩૨૬ (૩)ધનરાજસિંહ ચંદ્રસિંહ સૂર્યવંશી (વાસુર્ણા રાજ)ને રૂપિયા ૧૩,૦૫,૭૯૨,(૪)તપતરાવ આનંદરાવ પવાર (દહેર રાજ) ને રૂપિયા ૭,૭૧,૧૪૪ તથા (૫) ત્રિકમરાવ સાહેબરાવ (પીંપરી રાજ) ને રૂપિયા ૮,૨૨,૬૨૧ સહિત નવ નાયકો અને ભાઉબંધોને રૂપિયા ૬૭ લાખ, ૭૪ હજાર, ૨૭૮નું પોલિટિકલ પેન્શન એનાયત કરવામાં આવ્યું હતું.

રાજ્યપાલે જણાવ્યું કે, કેન્સર જેવી બીમારીઓથી બચવા 'પ્રાકૃતિક કૃષિ' જ એકમાત્ર ઉપાય છે. ડાંગ જિલ્લો આ ક્ષેત્રે દેશ માટે રોલ મોડેલ બન્યો છે. તેમણે ૫૦૦ ગામોને પ્રાકૃતિક ગામ બનાવવાની ગુજરાત સરકારની નેમનો ઉલ્લેખ કરી ખેડૂતોને ઝેરમુક્ત ખેતી તરફ વળવા પ્રોત્સાહિત કર્યા હતા.

વાસુર્ણા રાજવી ધનરાજસિંહે રાજવીઓના સન્માન બદલ સરકારનો આભાર માની 'પાટીલ કારભારી' પ્રથા પુનઃ શરૂ કરવા અને સ્થાનિક રોજગારી માટે વિનંતી કરી હતી.

આ પ્રસંગે જિલ્લા કલેક્ટર શાલિની દુહાને, જિલ્લા પંચાયત પ્રમુખ નિર્મળાબેન ગાઇન, નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલ, ડાંગ જિલ્લા કલેક્ટર શાલિની દુહાન, જિલ્લા વિકાસ અધિકારી કે.એસ.વસાવા સહિત અધિકારી અને પદાધિકારીઓ, નાગરિકો, પ્રજાજનો, કલાકારો અને ડાંગના દરબારીઓ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. આભારવિધિ જિલ્લા વિકાસ અધિકારી કે.એસ.વસાવાએ ઉદ્ઘોષક તરીકે વિજયભાઈ ખાંભુ, જીગ્નેશ પાટીલ તથા તેમની ટીમે સેવા આપી હતી.

મીંઢાબારી ગામે બે બાઈક અથડાતા એક યુવાનનું મોત

વાંસદા : વાંસદા તાલુકાના વાસીયા તળાવ ગામે અભય સુનિલભાઈ ભોયા (ઉ.૧૮) હાલ ધોરણ-૧૨ ની પરીક્ષા આપી રહ્યો હતો, તે યુનિકોન બાઈક નંબર જીજે ૨૧-ડીસી ૩૪૯૯ લઈ ફળિયામાં રાહતો અનિશ ગાવિત અને જયેન્દ્ર ગણપતભાઈ ગાયકવાડ સાથે હતા. જ્યારે બીજા બે ફળિયામાં રહેતા ધનવેશ ભોયા તેની બાઈક નંબર જીજે -૦૫-એસડી ૩૪૪૬ પર કૃણાલ ભોયા સાથે ખાટાઆંબા ગામે લગ્ન પ્રસંગમાંથી રાત્રે ઘરે પરત ફરી રહ્યા હતા, ત્યારે યુનિકોન બાઈક અનીશ ગાવિત ચલાવતો હતો જ્યારે ડ્યુક બાઈક ધનવેશ ભોયા ચલાવતો હતો. ડ્યુક બાઈક ચાલકે યુનિકોન બાઈક સાથે અથડાવી દેતા પાચેય મિત્રો માર્ગ પર પટકાયા હતા અને તમામને ઈજાઓ થતા તમામને વાંસદા કોટેજ હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં અભય ભોયાને વધુ સારવાર માટે રાણીફળિયા ખાતે ખાનગી હોસ્પિટલમાં લઈ જતા ત્યાં તેનું મોત નીપજ્યું હતું. બનાવ અંગે મરનારના પિતા સુનિલભાઈ ભોયાએ વાંસદા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

બાન્દ્રા હરીદ્વાર એક્સપ્રેસમાંથી મહિલાનું પર્સ ચોરાયું

વલસાડ : વલસાડથી પસાર થતી ટ્રેનોમાંથી ચોરીની ઘટના અવિરતપણે બની જ રહી છે. જેમાં કોઇ પણ ઘટાડો નોંધાયો નથી. આવી જ એક ઘટના બાન્દ્રા હરીદ્વાર એક્સપ્રેસમાં બની છે. જેમાં મહિલા સુઇ ગઇ અને ચોર તેનું પર્સ ચોરી કરી ફરાર થઇ ગયો હતો. ઉજ્જેન રહેતો ઇરફાનખાન અબ્દુલ રશીદ તેના પરિવાર સાથે બાન્દ્રા હરીદ્વાર ટ્રેનમાં બાન્દ્રાથી નાગદા જઇ રહ્યો હતો. ત્યારે વલસાડ પંથકમાં તેની આંખ લાગી ગઇ અને તે અને તેનો પરિવાર સુઇ ગયો હતો. એ દરમિયાન કોઇ ચોર તેમના પરિવારની મહિલાનું પર્સ ચોરી કરી ફરાર થઇ ગયો હતો. જેમાં 25 હજારની મત્તા હતી.

વાપી નામધાથી 3 જુગારીઓ ઝડપાયા

વાપી : વાપીના નામધા તળાવની ખુલ્લી જગ્યામાં જુગાર રમતા 3 ઈસમોને ટાઉન પોલીસે ઝડપી પાડ્યા હતાં. પોલીસે પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે વાપી નજીકના નામધા ગામ, લખમદેવ તળાવ પાછળ ખુલ્લી જગ્યામાં જુગાર રમનારાઓ ઉપર રેઈડ કરી હતી. જેમાં જુગાર રમતા 3 ઈસમો (1) નરેશ લલ્લુભાઈ હળપતિ (ઉં.34) (2) રોહન નિતેશભાઈ હળપતિ (ઉં.19) અને (3) વિજય રમણભાઈ હળપતિ (ઉં.42, તમામ રહે. ચલા) ઝડપાઈ ગયા હતા.

ગૌવંશના કતલના ગુનાનાં આરોપીના આગોતરા નામંજૂર